ગુજરાત સમાચાર, પાના નંબર :- ૧૪.
તારીખ :- ૧૧/૦૬/૨૦૨૬.

## ફેઝ -૨ (એ)ને કેન્દ્રિય કેબિનેટની મંજૂરી

# હવે અમદાવાદમાં એરપોર્ટથી કોટેશ્વર સુધી મેટ્રો રેલ દોડશે

અમદાવાદ, બુધવાર

અમદાવાદ એરપોર્ટથી કોટેશ્વર રોડ સુધી રૂપિયા ૨૧૬૯.૦૪ કરોડના મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ-૨(એ)ને આજે કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા સત્તાવાર મંજૂરી આપી દેવાઈ છે. ૬.૦૩ કિલોમીટરના આ મેટ્રો રેલ કોરિડોરમાં આશ્રમ રોડ, કોટેશ્વર પ્રાચીન મંદિર, સાબરમતી રિવર, સરદારનગર અને એરપોર્ટ નામના પાંચ સ્ટેશન બનાવવામાં આવશે.

## આશ્રમ રોડ, કોટેશ્વર પ્રાચીન મંદિર, સાબરમતી રિવર, સરદારનગર, અને એરપોર્ટ પાંચ સ્ટેશન તૈયાર કરાશે

મેટ્રો રેલને અમદાવાદ એરપોર્ટ સુધી લંબાવવા માટે ઘણાં સમયથી અટકળો અને તર્ક-વિતર્ક ચાલી રહ્યા હતા. તેવામાં આજે મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં કોટેશ્વર રોડથી અમદાવાદ એરપોર્ટ સુધી મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ-૨(એ)ને સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. ચાર એલિવેટેડ અને એક અંડરગ્રાઉન્ડ

**રૂ. ૨૧૬૯ કરોડના ખર્ચે ૬ કિમીનો મેટ્રો કોરિડોર બનશે**

સ્ટેશન સાથે રૂપિયા ૨૧૬૯.૦૪ કરોડના ખર્ચે ૬.૦૩૨ કિલોમીટર લાંબો મેટ્રો રેલ કોરિડોર બનાવવામાં આવશે. જેમાં મોટેરા પાસે આશ્રમ રોડ, કોટેશ્વર પ્રાચીન મંદિર, સાબરમતી રિવર, સરદારનગર અને એરપોર્ટ નામના પાંચ સ્ટેશન તૈયાર કરાશે. અમદાવાદ વર્ષ ૨૦૨૯માં વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સ, વર્ષ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવા જઈ રહ્યું છે. જેથી મોટેરા, કોટેશ્વર આસપાસ સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ સહિતની રમતગમત સુવિધાઓ ઉભી કરવાનું આયોજન ચાલે છે. ત્યારે આ નવા મેટ્રો રેલ કોરિડોરથી દેશ-વિદેશના મુસાફરોને એરપોર્ટ સુધી સીધી કનેક્ટિવિટી મળી શકશે. તેમજ અમદાવાદ એરપોર્ટથી

(અનુસંધાન ૪થે પાને)

અનુસંધાન પાના નંબર - ૦૪.

## હવે અમદાવાદમાં

(છેલ્લા પાનાનું ચાલુ)

ગાંધીનગર અને ગિફ્ટ સિટી વચ્ચે પરિવહન સરળ બનશે.

હાલ અમદાવાદમાં મેટ્રો રેલની વસ્ત્રાલથી થલતેજ બ્લુ લાઈન, એપીએમસીથી મોટેરા રેડ લાઈન, મોટેરાથી ગાંધીનગરના મહાત્મા મંદિર સુધી યલો લાઈન, અને જીએનએલયુથી ગિફ્ટ સિટી સુધી પર્પલ લાઈન એમ કુલ ચાર લાઈન કાર્યરત છે. તેવામાં કોટેશ્વર-એરપોર્ટની નવી લાઈન ઉમેરાયા બાદ અમદાવાદ-ગાંધીનગરનું કુલ મેટ્રો રેલ નેટવર્ક ૭૭.૬૩ કિમીનું થઈ જશે.